## રે.દિ.મુ. નં. ૩ર/ ર૦૧૬.

## આંક–૬ લગત હુકમ

(૧) આ કામના વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ વેચાણ કરાર રદ કરવા તથા જીપગાડી વાહન રજી. નં. જી.જે.૭–આર ૧૦૩૧ નુ રજુસ્ટ્રેશન રદ કરવા તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમની માગણી કરતો દાવો કરેલ છે અને સદરહુ દાવા લગત આંક– ૬ થી વચગાળાના મનાઈ હુકમ માટે હાલની અરજી કરેલ છે.

(ર) વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, વાદી માંજે ઘરોદ, તા. વડાલી મુકામે રહે છે અને પોતાની ગાડી ડ્રાઈવીંગ કરી ગુજરાત ચલાવે છે. વાદીનુ કથન છે કે, પ્રતિવાદી નં.૧ જીપગાડી રજી.નં. જી.જે.૭ આર–૧૦૩૧ ના માલીક છે તથા પ્રતિવાદી નં.ર પાટણ મુકામે ફાઈનાન્સ કંપની ધરાવે છે. પ્રતિવાદી નં.૩ તથા ૪ વાહન દલાલ છે અને વડાલી મુકામે વાહન લે–વેચનુ કામ કરે છે. પ્રતિવાદી નં.પ બામણીયા, તા.દાંતા ના છે અને ડ્રાયવીંગનો ધંધો કરે છે. પ્રતિવાદી નં.૬ પ્રતિવાદી નં.૭ ના પુત્ર છે અને પ્ર તિવાદી નં.૭ ફાઈનાન્સનુ કામ કરે છે. વાદીનુ કથન છે કે, પ્રતિવાદી નં.૧ નાએ તા.ર૩/ર/૧ર ના રોજ જીપગાડી રજી.નં. જી.જે.૭ આર–૧૦૩૧ ચેચીસ નં.૧ પ૩૪૧૧, એન્જીન નં.ડી.એકસ ૧પ૩૪૧૧ મોડેલ નં.૧૯૯૯ ખરીદ કરેલ અને પ્ર તિવાદી નં.ર ના ત્યાં ફાઈનાન્સ કરાવેલ. વધુમાં વાદીનુ કથન છે કે, પ્રતિવાદી નં.૩

નાએ રૂા.૧,૩૭,૦૦૦/– વેચાણ કિંમત થી પ્રતિવાદી નં.૧ પાસેથી સદર વાહન ખરીદ કરેલ અને કબજો મેળવેલ તેમજ પ્રતિવાદી નં.૧ ને રૂા. ૩૨,૦૦૦/– રોકડા આપેલ અને બાકીની રકમ રૂા. ૧,૦૫,૦૦૦/– તા.૧૫/૪/૧૪ ના રોજ આપવાના હતા અને ત્યાર બાદ એન.ઓ.સી આપવાની હતી અને વેચાણખત મુજબના પૈસા ભરપાઈ થવાથી પ્રતિવાદી નં.૩ ના નામે વેચાણ કરાર કરેલો. વધુ માં વાદીનુ કથન છે કે, પ્ર તિવાદી નં.૩ પાસેથી પ્રતિવાદી નં.૫ નાએ તા.૫/૪/૧૪ ના રોજ રૂા.૧,૫૦,૦૦૦/– માં સદર ગાડી વેચાણ રાખેલ અને પ્રતિવાદી નં. ૩ ને રૂા. ૫૦,૦૦૦/– ચુકવી આપેલ અને જીપગાડીનો કબજો પ્રતિવાદી નં.૫ ને મળેલો અને બાકીના રૂા. ૧,૦૦,૦૦૦/– પ્ર તિવાદી નં.૫ નાએ પ્રતિવાદી નં.૩ ને તા.૨૦/૪/૧૪ સુધી ચુકવવાના હતા અને ત્યાર બાદ ૨૦ દિવસમાં વાહન તેઓના નામે કરવાનુ હતુ. વધુમાં વાદીનુ કથન છે કે, વાદીને જીપવાહન ભાડે ફેરવવા ખરીદવાનુ હોઈ પ્રતિવાદી નં.૩, ૪ વડાલીના હોઈ દલાલ હોઈ તા.૭/૪/૧૪ ના રોજ પ્રતિવાદી નં.૩, ૪ સાથે ડીસા ગયેલા અને પ્રતિવાદી નં.૫ ના કબજાની જીપગાડી રજી.નં. જી.જે.૭ આર–૧૦૩૧ ની કિંમત રૂા. ૧,૬૫,૦૦૦/– નકકી કરેલ તેમજ તા.૭/૪/૧૪ નારોજ પ્રતિવાદી નં.૫ ની હાજરીમાં પ્રતિવાદી નં.૩, ૪ ને રૂા. ૧,૦૦,૦૦૦/– વાદીએ આપેલા અને દલાલ તરીકે પ્રતિવાદી નં.૩, ૪ નાએ ગાડીનો કબજો લઈ તા.૮/૪/૧૪ ના રોજનો વાયદો કરેલ અને વાદી જાતે ગાડી ચલાવી વડાલી પરત આવેલ.તેમજ પ્રતિવાદી નં.૩ અને ૪ ના ઓળખાણ આપવાથી પ્ર

તિવાદી નં.૬ તથા ૭ વાદીના ગામના હોઈ ઓળખતા હોઈ તેઓ પાસેથી રૂા. ૬૫,૦૦૦/– ની લોન લીધેલ.અને દાવાવાળી જીપગાડી રજી.નં. જી.જે.૭ આર–૧ ૦૩૧ ની અસલ આર.સી.બુક, વાહન ફીટનેસ, વીમા પોલીસી પ્રતિવાદીનં.૩, ૪ પાસ ે હતી તે પ્રતિવાદી નં.૬ તથા ૭ ને આપી દીધેલ અને જરુરી કાગળ પર વાદીની સહી કરાવેલ જેમાં બે થી ત્રણ કોરા સ્ટેમ્પ અને ત્રણ કોરા ચેક પર સહી કરેલી.રૂ. ૬૫,૦૦૦/– પ્રતિવાદી નં.૬, ૭ નાએ પ્રતિવાદી નં.૩,૪ ને આપેલા અને રૂા. ૧ ૦,૦૦૦/– ફાઈલ ચાર્જ નકકી કરી રૂા. ૭૫,૦૦૦/–નુ ફાયનાન્સ વાદીને આપેલ અને માસીક રૂા. ૧૦,૦૦૦/– હપ્તો વાદીએ ભરવાનો હતો. વધુમાં વાદીનુ કથન છે કે, પ્ર તિવાદી નં.૫ ને બાકી ચુકવવાના હતા તે તા.૮/૪/૧૪ નારોજ ચુકવી આપી વાહન વેચાણ લેખ વાદીની તરફેણમાં કરાવેલ જેમાં સાહેદ તરીકે પ્રતિવાદી નં.૩, ૪ નાએ સહી કરેલી. વાદીનુ કથન છે કે રૂા. ૧૦,૦૦૦/– ના ત્રણ હપ્તા રેગ્યુલર વાદીએ પ્રતિવાદી નં.૩, ૪ ને હાથો હાથ પ્રતિવાદી નં.૬, ૭ ને ભરવા રોકડા આપેલ તેની પાકી પહોચ માગવા છતાં વાદીને આપેલ નહી. વાદીનુ કથન છે કે, તા.૪/૧૨/૧૪ ના રોજ જીપગાડી ચલાવી વાદી વડાલીથી ખેડબ્રહમા જઈ રહેલ હતા ત્યારે રેપડી માતાના મંદિર પાસે વડાલી મુકામે પ્રતિવાદી નં.૭ તેઓના ડ્રાયવર ઈકબાલભાઈ મેમણને સાથે રાખી વાદીની ગાડી રોકી પ્રતિવાદી નં.૭નાએ વાદીને મોઢા પર ફેટ મારી ગાડીમાંથી નીચે નાખી દિધેલ અને ઈકબાલભાઈ ગાડી લઈ ગયેલ તે રીતે પ્રતિવાદી નં.૭ વાદીનુ વાહન લઈ

ગયેલ. વાદીએ તેની જાણ પ્રતિવાદી નં.૩ થી ૫ ને કરતાં તેઓ મદદ કરી શકે તેમ નહોવાનુ જણાવેલ. આમ પ્રતિવાદીઓ એક બીજાના મેળાપીપણામાં ગાડી લઈ ગયેલ. વાદીએ વડાલી પો.સ્ટેમાં ગાડી લઈ જવા બાબતે તે જ દિવસે અરજી આપેલ કલેકટર અને મામતલદારને પણ ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં કરેલ અને તા.૬/૧૨/૧૪ ના રોજ વાદીને રૂબરુ સુનાવણી માટે બોલાવવા છતાં કોઈ કાર્યવાહી થયેલ નથી. તેમજ પોલીસમાં કોઈ કાર્યવાહી નહી થતાં વાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.ક્રિ.એપ્લી નં.૨૬૦૪/૧૫ ની દાખલ કરેલી જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૬/૬/૧૫ ના રોજ વડાલી પોસ્ટે.ને. જરુરી કાર્યવાહી અને તપાસ કરવા આદેશ કરેલ. તેમજ વાદીએ ગ્ર ાહક સુરક્ષા ફોરમમાં ફરીયાદ નં.૬/૧૫ , તા.૩/૧/૧૫ ના રોજ પ્રતિવાદી નં.૩ થી ૭ વિરૂધ્ધ કરેલ જેમાં તેઓ હાજર થઈ જવાબ રજુ કરેલ જેમાં સદર જીપગાડી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૭ ને તા.૧૭/૧૨/૧૪ ના રોજ રૂ.૧,૬૦,૦૦૦/– નો વેચાણ કરાર કરાવેલ જે ઉભો કરેલ છે અને ફરીયાદથી બચવા કરેલ હોવાનુ જણાવેલ છે.વાદી એ દાવા અરજીમાં જણાવેલ હકીકતે પોતાની સાથે ફ્રોડ થયેલાનુ જણાવેલ છે. તેમજ હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં તા.૪/૧૨/૧૪ ના રોજ ની પોલીસ ફરીયાદ બાદ તા.૨૯/૧૨/૧ ૫ પછી પ્રતિવાદી નં.૭ ના નામે ટ્રાન્સફર થયેલ છે અને તા.૨૮/૩/૧૫ ના રોજ પ્ર તિવાદી નં.૧ થી ૩ ને નોટીસ પણ આપેલ છે તેનો જવાબ વાદીએ આપેલ નથી. તેમજ તા.૧૭/૧૨/૧૪ નો અસલ કરાર પ્રતિવાદી નં.૬ અને ૭ પાસે છે. તેમજ પ્રતિવાદી નં.૬

અને ૭ ફાયનાન્સ આપી લોકોની જમીનો પડાવી લેવા ટેવાયેલ હોવાનુ જણાવેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ પાસે અવેજ ચુકવી દાવાવાળુ વાહનનો કબજો વાદીએ સંભાળેલ અને આવીવિકા માટે વાહન ચલાવતા હોઈ આર.ટી.ઓ. કચેરીએ તમામ પ્રતિવાદીઓએ ખોટી રીતે વાહન ટ્રાન્સફર કરેલ હોય અને એમ.વી. એકટના ફોર્મ નં.૨૯ અને ૩૦ દવારા ખોટી રીતે વાહન ટ્રાન્સફર કરેલ હોઈ તેવુ ટ્રાન્સફર રદ કરવા અને વાદીના નામે સદર વાહન ટ્રાન્સફર કરવા દાવો કરેલ છે અને દાવા દરમ્યાન વાહન પ્રતિવાદી નં.૧ થી ૯ ના જીપગાડી નં. જી.જે.૭–આર–૧૦૩૧ હિંમતનગર કચેરીએ નોધાયેલ છે તે વાહન જાતે એસાઈનીઓ, પાવર ઓફ એટોર્ની મારફતે અન્ય ત્રાહિત વ્યકિતને વેચાણ ગીરો, બક્ષિસ ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવા ચાલતા દરમ્યાન માગેલ છે.

(૨) દાવાના કામે પ્રતિવાદીને નોટીસની બજવણી થતાં પ્રતિવાદીનં.૬ અને ૭ હાજર થઈ આંક–૩૫ થી દાવા અરજીનો અને આંક–૩૬ થી કામચલાઉ મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ રાખેલ છે આંક–૩૬ ના જવાબમાં વાદીના દાવાની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને ખરીહકીકતે જણાવેલ છે કે, દાવાવાળી જીપગાડીના માલીક પ્રતિવાદી નં.૧ હતા અને પ્રતિવાદી નં.૭ નાએ કાયદેસર કીંમત નકકી કરી તા.૧/૧૦/૧૪ ના રોજ અવેજની રકમ ચુકવી વેચાણ રાખેલ અને કબજો મેળવેલો તેમજ જીપ ગાડી પર પ્રતિવાદી નં.૨ સત્યમ ફીન સ્ટ્રોક પ્રા.લીનુ હાઈપોથીકેશન આર.ટી.ઓ.માં નોધાવેલ

હોવાની જાણ થતાં જે રકમ તેઓએ પ્રતિવાદી નં.૧ ને ચુકવી આપેલ જે સ્વીકારી પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨નુ લેણુ ચુકવેલ અને જરુરી પત્ર મેળવી હાઈપોથીકેશન કેન્સલ કરાવેલ અને તા.૧૮/૧૨/૧૪ ના રોજ આર.ટી.ઓ. પાલનપુર તરફથી એન.ઓ.સી. કાઢી આપવામાં આવેલ જે મેળવી તા.૨૯/૧૨/૧૪ ના રોજ આર.ટી.ઓ. હિંમતનગર કચેરીમાં વાહન ટ્રાન્સફર અંગેના જરુરી દસ્તાવેજો કરીને જીપ ગાડી નં. જી.જે.૭– આર–૧૦૩૧ ના કાયદેસરના માલીક બનેલ અને તેમના નામની આર.સી.બુક મેળવેલી. જે જીપ ગાડી રૂા.૧,૬૦,૦૦૦/– માં વેચાણ રાખેલી. વાદીને વાહનમાં કશુ લેવા દેવા નથી અને વાદીને તેમના અન્ય પરિવારજનો સામે ખોટા દિવાની દાવા ચાલતા હોઈ અને પ્રતિવાદી નં.૬, ૭ વિરૂધ્ધ પણ દાવા ચાલતા હોઈ તેનુ વૈમનસ્ય રાખી હેરાન પરેશાન કરવા ખોટા દસ્તાવેજો બનાવી વાહન પરત્વેની તકરાર ઉભી કરેલ હોવાનુ જણાવેલ છે અને જુદાજુદા વિભાગમાં ખોટી અરજી કરેલ છે. ગ્રાહક ફોરમ સમક્ષ ચુકાદો આવ્યા બાદ તેઓને કાયદેસરનો અવેજ મેળવી વાહન વેચાણ પણ કરેલ છે અને કબજો દલાલ મારફત તેઓને સુપ્રત કરી જરુરી દસ્તાવેજો સુપ્રત કરેલાનુ જણાવેલ છે. પ્રતિવાદી નં.૬ શિક્ષક છે અને નં.૭ ખેડુત છે અને કલાર્કની નોકરીમાંથી રીટાયર્ડ થયેલ છે અને પેન્શન મેળવે છે આમ આર્થિક રીતે સુખી હોવાનુ જણાવેલ છે.વાદીનો પ્રાઈમાફેસી કેસ નહોવાનુ જણાવેલ છે તેમજ વાહન પર હાઈપોથીકેશન હોય ત્યારે ટાઈટલ મળે નહી તેમ જણાવેલ છે. તેમજ વચગાળાના મનાઈ હુકમ

માટે વાદીએ નાણાંમાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન બતાવવાનુ રહે છે વાદીએ લોનની ખોટી સ્ટોરી ઉભી કરેલ છે જેથી વાદીનુ પ્રાઈમાફીસી કેસ નહોવાનુ જણાવેલ છે. ત્રણેય તત્વો વાદીની તરફેણમાં નહોવાનુ જણાવેલ છે. વિગેરે હકીકતે અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૩) પ્રતિવાદી નં.૧ તરફે આંક–૪૩ થી દાવા અરજીનો તથા આંક–૪૪ થી મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ રાખેલ છે જેમાં વાદીના દાવાની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે જેમાં તેઓ જીપ ગાડી નં. જીજે.૭–આર.૧૦૩૧ ના માલીક કબજેદાર હતા અને નં.૨ પાસેથી લોન લઈ હાઈપોથીકેશન કરાવી પાલનપુર આર.ટી.ઓ.માં બોજો નોધાવેલ તેમજ સદર જીપગાડી પ્રતિવાદી નં.૭ ને તા.૧/૧૦/૧૪ ના રોજ વેચાણ આપેલ તે દિવસે રૂા. ૧,૦૦,૦૦૦/– રોકડા આપેલા અને અરસપરસના ભરોસાથી ગાડીનો કબજો સોપેલો અને બાકી રહેતી રકમ નકકી કરેલા સમયમાં ચુકવી આપતા પ્રતિવાદી નં.૨ કંપનીમાં ભરપાઈ કરી દઈ એન.ઓ.સી મેળવી કચેરીમાં રજુ કરેલ. તેમજ એન.ઓ.સી. આપ્યાના આગલા દિવસે રુબરુ મળતાં ગાડીનો વેચાણ કરાર કરવાનુ સુચવતાં રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ તેઓની પાસે હતો તેના પર કરાર કરેલો. વાદીને ગાડી સાથે કોઈ લેવા દેવા નહોવાનુ જણાવેલ છે.તેમજ ગ્રાહક સુરક્ષામાં તેઓને પક્ષકાર નહી બનાવેલાનુ જણાવેલ છે. તેમજ ત્રણેય તત્વો વાદીની તરફેણમાં નથી વિગેરે હકીકતે મનાઈ અરજી રદ કરવા જણાવેલ છે.

તેમજ પ્રતિવાદી નં.૮ તથા ૯ તરફે આંક–૫૮ થી દાવા તથા મનાઈ અરજીનો લ ેખિત જવાબ રજુ રાખેલ છે જેમાં વાદીની અરજીના આધારે દાવા અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી વાહન અન્ય કોઈના નામે ટ્રાન્સફર નહી કરવાની નોધ લીધેલ હોવાનુ જણાવેલ છે. તેમજ જી.જે.૭ આર.૧૦૩૧ વાળુ વાહન તા.૨૨/૨/૧૨ ના રોજથી તા.૧ ૮/૧૨/૧૪ સુધી પ્રતિવાદી નં.૧ ના નામે હતુ અને તેના પર તા.૨૩/૨/૧૨ ના રોજ પ્ર તિવાદી નં.૨ નુ એચ.પી. હતુ જે તા.૧૮/૧૨/૧૪ નારોજ આર.ટી.ઓ. કચેરી પાલનપુર ખાતે એન્ટ્રી રદ થયેલી અને પાલનપુર આર.ટી.ઓ.એ નોડયુ પ્રતિવાદી નં.૭ ના નામે કાઢી આપેલ જેથી તા.૨૯/૧૨/૧૪ ના રોજ આર.ટી.ઓ. કચેરી હિંમતનગર ખાતે થી પ્રતિવાદી નં.૭ ના નામે ટ્રાન્સફર થયેલ છે અને ફોર્મ નં.૨૯ અને ૩૦ માં વેચનામ રાઉભા ભાથીસીંગ વાઘેલાની સહી થયેલ છે અને જરુરી દસ્તાવેજો અને આધાર પુરાવા થી સદર વાહન આર.ટી.ઓ. કચેરી હિંમતનગર ખાતે ટ્રાન્સફર થયેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ ટ્રાન્સફર કરવાની જે કાર્યવાહી કરવાની હોય છે તે કરીને ટ્રાન્સફર કરેલ હોવાનુ જણાવેલ છે.

(૪) વાદી તરફે આંક–૫૪ થી રીજોઈન્ડર રજુ રાખવામાં આવેલ છે. તેમજ વાદી તરફે આંક–૫ ના લીસ્ટથી નિશાની ૫/૧ થી નિશાની ૫/૩૨ ના દસ્તાવેજી આધારો તથા નિ.૯૯/૧ થી ચાર્જશીટની નકલ રજુ રાખેલ છે. તેમજ પ્રતિવાદી નં.૮, ૯ તરફે નિ.૬૦/૧ થી ૬૦/૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી નં.૭

તરફે આંક–૬૯ ના લીસ્ટ થી નિ.૬૯/૧ થી ગાડીનુ વેચાણ ખત, તા.૨/૪/૧૬ ના રોજનુ રજુ રાખેલ છે.

(૫) ત્યાર બાદ પ્રતિવાદી નં.૧, ૬, ૭ તરફે વિ.વ.શ્રી. પુરાણીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે ત્યાર બાદ વાદી તરફે વિ.વ.શ્રી.એમ.આઈ.સાબુગરની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. અન્ય કોઈ પ્રતિવાદી હાજર રહી રજુઆત કરેલ નથી.

(૬) ઉપરોકત રજુઆતો સબબ સદરહુ અરજીના ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

મુદા નં. ૧ :– શુ વાદીનો પ્રથમદર્શનિય કેસ છે ?

મુદા નં. ૨ :– શું બેલેન્સઓફ કન્વિનિયન્સ વાદીની તરફેણમાં છે ?

મુદા નં.૩ :– શું વાદીને મનાઈ હુકમથી રક્ષણ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

મુદા નં.૪ :– શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયો હવે પછી કરેલ ચર્ચાના આધારે નીચે મુજબ આપવામાં આવે છે.

મુદા નં. ૧:– નકારમાં.

મુદા નં. ૨:– નકારમાં.

મુદા નં. ૩:– નકારમાં.

મુદા નં. ૪:- આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

(૮) ઉપરોકત મુદાઓ એક બીજા સાથે સંકળાયેલ હોઈ તથા પુરાવાનુ પુનરાવર્તન ટાળીશકાય તે હેતુથી મુદા નં. ૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૯) હાલની અરજી અન્વયે દલીલ કરતાં વાદી તરફે વિ.વ.શ્રી.સાબુગર દલીલમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ગાડી ના માલીક છે અને પ્રતિવાદી નં.૨ પાસેથી લોન કરાવી ગાડી લીધેલ અને તેવી લોન ભરવાની શરતે પ્રતિવાદી નં.૩ ને ગાડી વેચાણ કરેલ અને પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૫ ને વેચાણ કરેલ. જયારે વાદીએ પ્રતિવાદી નં.૫ પાસેથી લોન સાથે ગાડી વેચાણ લીધેલી જે કરારો આ કામે નિ.૩/૨ થી પ્રતિવાદી નં.૧ તથા ૩ વચ્ચેનો કરાર , નિ.૩/૩ થી પ્રતિવાદી નં.૩ અને ૫ વચ્ચેનો કરાર તથા નિ.૩/૪ થી પ્રતિવાદીનં.૫ અને વાદી વચ્ચેનો કરાર રજુ કરેલ છે.વધુમાં વિ.વ.શ્રી. જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૫ પાસેથી વાદીએ વાહન લીધેલ જે બાબતની લોન પ્ર તિવાદી નં.૬ અને ૭ પાસેથી એક લાખની લીધેલ અને તેઓએ વાહનની અસલ આર.સી.બુક રાખી લોન આપેલી. વાદી ધરોદ તા. વડાલીના છે અઅને પ્રંતિવાદી નં.૭, એ પ્રતિવાદી નં.૬ ના પિતા છે અને ફાયનાન્સનુ કામ કરે છે. વધુમાં વિ.વ.શ્રી. જણાવે છે કે, પ્રતિવાદી નં.૭ ના ઘરે દુધ પહોચાડવાનુ હતુ, પરંતુ વર્ધી મળતાં વાદી પહોચાડી શકેલ નહી જેથી બીજા દિવસે સ્ટેન્ડ પર આવી તા.૪/૧૨/૧૪ ના રોજ પ્ર

તિવાદી નં.૭ નાએ વાદી ની ગાડી પડાવી લીધેલ જેથી ફરીયાદ વડાલી પો.સ્ટે.માં આપેલ. તેમજ ના.ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરેલ અને ગ્રાહક તકરાર માં પણ વાદીએ દાવો કરેલ જે ગ્રાહક નીવ્યાખ્યામાં પડતા નહોઈ નામજુંર થયેલ છે. તેમજ ગાડી પ્રતિવાદી નં.૭ ના નામે વેચાણ કરેલ હોવાનુ બતાવી દઈ આર.સી.બુકમાં નામ ચઢાવેલ છે. પરંતુ નિ.૩/૧૬ નો કરાર ઉપર સ્ટેમ્પ વેન્ડરનુ નામ નથી જુના સ્ટેમ્પનો ઉપયોગ કરેલ છે. જેથી પ્રતિવાદી નં.૧ તથા ૭ નાએ મેળાપીપણામાં ખોટો દસ્તાવેજ બનાવેલ છે અને વાહન ટ્રાન્સફર કરેલ છે. તેમજ વડાલી પો.સ્ટે.માં જે તે સમયે વાહન પકડેલ નથી અને પ્રતિવાદીઓને મદદ કરેલ છે તેમજ વાદીએ કરેલ ક્રિકેસ.નં.૬૧૩/૧૯ માં ચાજશીટ થયેલ છે. જેથી વાદીનો પ્રાઈમાફેસી કેસ છે ખોટો દસ્તાવેજ ઉભો કરી વાહન ટ્રાન્સફર કરેલ છે જેથી મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નુકશાન થાય તેમ છે. વધુમાં વિ.વ.શ્રી જણાવે છે કે, પ્રતિવાદી નં.૬ તથા ૭ ના તેઓના આંક-૩૫ ના જવાબમાં વાહન વેચી મારેલ હોવાનુ જણાવેલ છે જેથી તેઓએ વાહન વેચેલ હોય તો તેઓનો કોઈ બચાવ રહેતો નથીજેથી વાદી વાહન ચલાવી તેઓના પરીવારનુ ગજરાન ચલાવતા હોઈ માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા જણાવેલ છે.

(૧૦) જયારે પ્રતિવાદી નં.૧, ૬, ૭ તરફે વિ.વ.શ્રી. પુરાણી જણાવે છે કે, વાદીએ ઓર્ડર ૮ રૂલ ૫ ની અરજી કરેલ છે તા.૩૧/૧૨/૧૮ નારોજ નામંજુર થયેલ છે. અને અદાલતે અવ્વલ જપ્તી ની અરજી પણ રદ કરેલ છે. તેમજ સદર કેસમાં તકરારી વાહન તા.૨/૪/૧૬ ના

રોજ એટલે કે દાવા અગાઉ વેચાણ થયેલ છે. તે અંગેનો દસ્તાવેજ પણ રજુ કરેલ છે જે બાબતે વાદીએ સુધારો કરેલ નથી કે કોઈ દાદ માગેલ નથી. જયારે મનાઈ અરજીમાં પ્રતિવાદી નં.૧ થી ૯ ટ્રાન્સફર કરે કરાવે નહી તેવી દાદ માગેલ છે જે વાહન ટ્રાન્સફર થયેલ હોઈ મળી શકે નહી જેથી અરજી ચાલવા પાત્ર નથી. તેમજ આંક–૬૮ થી પ્ર તિવાદીએ આપેલ અરજી નો વાદીએ આંક–૭૫ થી જવાબ આપેલ જેમાં વાદીએ સ્વીકારેલ છે કે વાહન ટ્રાન્સફર થયેલ છે જેથી અરજી ચાલી શકે નહી. તેમજ પ્રતિવાદી નં.૧ પાસેથી પ્રતિવાદી નં.૭ નાએ અવેજ આપી વાહન વેચાણ લીધેલ છે. સત્યમ ફાયનાન્સનુ એચ.પી. હતુ તે પ્રતિવાદી નં.૭ નાએ પૈસા ચુકવી એન.ઓ.સી. મેળવી ટ્રાન્સફર કરાવેલ છે. વાદી ગ્રાહક સુરક્ષામાં કેસ હારી ગયેલ છે. જેથી તમામ હકીકતો જોતાં વાદીની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૧૧) આમ ઉપરોકત રજુઆત સબબ વાદીની કામ ચલાઉ મનાઈ અરજીનો નિર્ણય કરતાં પહેલા ઓ.૩૯ રૂલ–૧ની જોગવાઈ ઘ્યાને લેતાં જયારે કોઈ દાવાની વાદગ્રસ્ત મિલ્કત વેડફાઈ જવાનો, કે તેને હાની થવાનો, કે તેને દાવાના કોઈ પક્ષકાર ઘ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે તેમજ તે મિલ્કત વેડફાઈ જતી હોઈ, તેને નુકસાન થતું હોઈ, બીજાને આપી દેવાની હોય, તે લ ેવાની હોય, તે ખસેડાતી હોય, તે મિલ્કતના સંબંધમાં વાદીનો કબ્જો છોડાવી દેવા નુકસાન પહોંચાડવા માટે જયારે કૃત્ય થતું હોય તેવા સંજોગોમાં સી.પી.સી.ના

ઓર્ડર–૩૯ રૂલ–૧ને ધ્યાને લેવા નો રહે છે. ત્યારે, સદર દાવામાં આંક–૫ની મનાઈ અરજીની હકીકતો તથા તેના સમર્થનમાં રજુ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં દિવાની કાર્યરીતી સંહિતા અનુસાર વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ છે તેવુ બતાવવાની જવાબદારી હંમેશા વાદી પક્ષની રહેલી છે.

(૧૨) ઉપરોકત હકીકતે દાવાવાળી જીપ વાહન રજીસ્ટ્રેશ નં. જી.જે.–૭–આર–૧૦૩૧ વાળુ પ્રતિવાદી નં.૧ ની માલીકીનુ હતુ જે વાહન પ્રતિવાદી નં.૩ નાએ વેચાણ રાખેલ અને ત્યાર બાદ પ્રતિવાદી નં.૫ નાએ વેચાણ રાખેલ જે વાહનની લોન સાથે વેચાણ રાખેલ અને પ્રતિવાદી નં.૫ પાસેથી વાદીએ લોન સાથે વાહન વેચાણ રાખેલ જે પ્રતિવાદી નં.૧ તથા ૩ વચ્ચેનો વેચાણ કરાર નિ.૫/૨ થી રજુ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૩ પાસેથી પ્રતિવાદી નં.૫ નાએ વેચાણ રાખેલ તે વેચાણ કરાર નિ.૫/૩ થી રજુ રાખેલ છે ને વાદીએ પ્રતિવાદી નં.૫ પાસેથી વાહન વેચાણ રાખેલ તે નિ.૫/૪ થી રજુ રાખેલ છે. આમ વાદીએ પ્રતિવાદી નં.૫ પાસેથી વેચાણ કરાર આધારે ગાડીનો કબજો તથા અસલ દસ્તાવેજો મેળવેલ અને પ્રતિવાદી નં.૬, ૭ પાસેથી લોન લીધેલ અને અસલ દસ્તાવેજો સોપેલ. વધુમાં વાદીના કથન મુજબ પ્રતિવાદી નં.૭ નાએ વાહન નો કબજો પડાવી લીધેલ અને પ્રતિવાદી નં.૧ પાસેથી ખોટો વેચાણ કરાર ઉભો કરાવી વાહન તેઓના નામે ટ્રાન્સફર કરાવેલ. જે નિ.૫/૧૬ થી રજુ રાખેલ છે હવે આ કરાર ખોટી રીતે ઉભો કરવામાં આવેલ હતો કે કેમ તે હકીકત હાલના તબકકે નકકી કરી શકાય નહી

અને હાલના તબકકે તે પુરાવાનો વિષય છે. વધુમાં પ્રતિવાદી નં.૭ તથા ૮, ૯ તથા વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં સદર વાહન પ્રતિવાદીનં.૭ ના નામે ટ્રાન્સફર થયેલ અને આર.સી. બુકમાં તેઓનુ નામ દાખલ થયેલુ. આમ હવે વાદીનો પ્રથમદર્શનિય કેસ છે કે કેમ તે હકીકતે જોતાં વાદીએ હાલની અરજી અન્વયે પ્રતિવાદીઓ સદર વાહન ત્રાહિત કે અન્ય વ્યકિતઓને ટ્રાન્સફર એસાઈન કરે કરાવે નહી તેવા મતલબનો મનાઈ હુકમની માગણી કરેલ છે. આ હકીકતે જોતાં પ્રતિવાદી નં.૬, ૭ નાએ તેઓના આંક–૩૫ ના દાવા જવાબમાં પેજ.નં.૨૪ પર ગ્રાહક સુરક્ષાનો ચુકાદો આવ્યા બાદ વાહન વેચાણ કરી કબજો સુપ્રત કરેલ હોવાનુ જણાવેલ છે. તેમજ નિ.૬૯/૧ થી વેચાણ ખત રજુરાખેલ છે તે મુજબ તા.૨/૪/૧૬ ના રોજ રાજપુત ભીખાભાઈ એસ, ધાનેરા વાળાને વેચાણ કરેલ હોવાનુ જણાય છે જયારે હાલનો દાવો તા.૨૧/૪/૧૬ ના રોજ થયેલ હોવાનુ જોતાં દાવા અગાઉ તકરારી વાહન સબંધે વેચાણ વ્યવહાર થયેલ હોવાનુ રેકર્ડ પર છે તેમ છતાં વાદી તરફે આ હકીકતે દાવા દરમ્યાન કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી તેથી જો પ્રતિવાદી નં.૭ નાએ આવુ વાહન વેચાણ કરેલ હોય તો તેવા પ્રતિવાદીઓ વિરૂઘ્ધ મનાઈ હુકમની દાદ અસરકારક, અમલી બની શકે નહી. તેમજ રજુ થયેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૫ પાસેથી વાદીએ વાહન વેચાણ અંગેનો કરાર રજુ થયેલ છે, પરંતુ આવા કરાર હેઠળ વાદીએ ગાડીનો કબજો સંભાળેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ ગાડીના રજીસ્ટર્ડ માલીક

પાસેથી પ્રતિવાદી નં.૭ નાએ વેચાણ રાખેલ અને આર.ટી.ઓ.ની પ્રક્રિયા પુર્ણ કરી વાહન તેઓના નામે તબદિલ કરાવેલ હોવાનુ રેકર્ડ આધારે જણાય છે તેવા સંજોગોમાં વાદીનુ કથન કે પ્રતિવાદીઓએ એક બીજાની મેળાપીપણામાં નિ.૫/૧૬ વાળો કરાર ઉભો કરાવી વાહન પોતાના નામે ટ્રાન્સફર કરાવેલ તે હકીકત હાલના તબકકે જયારે પુરાવો લેવાનો બાકી છે ત્યારે પ્રથમદર્શનિય જણાતી નથી. વધુમાં વાદી તરફે પોલીસ સ્ટેશન, કલેકટર માં વિગેરે જગ્યાએ વાહન બાબતે રજુઆત કરેલ હોવાનો પુરાવો રજુ કરેલ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરેલ અને તે આધારે વડાલી કોર્ટમાં ગુનાના કામે થયેલ ચાર્જશીટની નકલ રજુ રાખેલ છે, પરંતુ ઉપર નોધ્યુ તેમ જો પ્રતિવાદી નં.૭ નાએ વાહન ત્રાહિતને દાવા અગાઉ વેચાણ કરેલ હોય તો તેવા સંજોગોમાં વાદીના માગણી મુજબના મનાઈ હુકમની દાદ અસરકારક રહેતી નથી અને ઈનફ્રકચ્યુઅસ બને તેવા સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનિય કેસ બતાવી શકેલ નથી તેમજ માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પણ વાહન વેચાણ થઈ ગયેલ હોવાનુ જોતાં અમલી બને નહી તેવા સંજોગો માં બેલેન્સ ઓફ કન્વિનિયન્સ તથા ઈરરીપેરેબલ લોસ પણ વાદીની તરફેણમાં નહોવાનુ ઠરાવી મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવા માં આવુે છે.

**-: હુકમ :-**

વાદીની હાલની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

અરજી નુ ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૨૯, માર્ચ, સને. ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૩/૨૦૨૨

**(બાબુભાઈ માધવલાલ પ્રજાપતિ)**

**(GJ00865)**

પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ,

હિંમતનગર–સા.કાંઠા.